# જન્મદિને વધામણી



ભવ્યા રાજન શાહ
મો. ૯૭૨૩૨ ૧૪૦૧૪



ડો. એ બી વ્યાસા
ખજાનચી
ગાંધીનગર જિલ્લા અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ



રાજ ઋષિકેશ દેરાસરી
મો. ૯૭૧૪૭ ૨૨૬૨૨

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આજથી બે દિવસ માટે

# 'ઈન્ટરનેશનલ યર ઑફ લાઈટ ઍન્ડ ૧૦૦ યર્સ ઑફ થિયરી ઑફ રિલેટીવિટી' વિષયે પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા 'ઈન્ટરનેશનલ યર ઑફ લાઈટ ઍન્ડ ૧૦૦ યર્સ ઑફ થિયરી ઑફ રિલેટીવિટી' વિષયે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના રિસર્ચ અને સાયન્સ વિભાગના ડીન પ્રો. રાજમલ જૈને આ માહિતી આપતાં જણાવ્યું છે કે તા. ૧૯ અને ૨૦ જાન્યુઆરીના રોજ આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરિસંવાદ દરમ્યાન લાઈટ સાયન્સના ટૉપીક ઉપર ધ્યાન આપવામાં આવશે અને લાઈટ બેઝ્ડ ટૅકનોલૉજી કેવી રીતે સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં સહાયક બની શકે છે તેની ચર્ચા કરવામાં આવશે.

આધુનિક યુગમાં લાઈટનું મહત્ત્વ અને તેની ઉપયોગિતા અંગે પણ વિશદ્ ચર્ચા કરવામાં આવશે અને આ સાથે જ જનરલ થિયરી ઑફ રિલેટીવીટીનાં ૧૦૦ વર્ષની ઉજવણી પણ કરવામાં આવશે.

ફિઝીકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના ડિરેક્ટર તથા સાયન્ટીસ્ટ પ્રો. ઉત્પલ સરકાર આ પરિસંવાદના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આર્યભટ્ટ ઈન્સ્ટીટ્યુટ ઑફ ઓબ્ઝર્વેશનલ સાયન્સીઝ, નૈનિતાલના ડિરેક્ટર પ્રૉ. વહાબ ઉદ્દીન અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે તથા પીઆરઍલ, અમદાવાદના સિનિયર સાયન્ટીસ્ટ પ્રૉ. આર રંગરાજન આ પ્રસંગે મુખ્ય વક્તવ્ય આપશે.

આ પરિસંવાદમાં ૧૦૦ ડેલીગેટ્સ ઉપરાંત રાજ્યભરમાંથી આવેલા ૪૦૦ પીજી સ્ટુડન્ટ્સ ઉપસ્થિત રહેશે. આ પરિસંવાદનું આયોજન ડિપાર્ટમેન્ટ ઑફ ફિઝીક્સ, શ્રી ઍમ ઍમ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ ઍન્ડ રિસર્ચ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા ગુજરાત કાઉન્સીલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી તથા ફિઝીકલ રિસર્ચ લૅબોરેટરીના સહયોગથી કરવામાં આવ્યું છે. ઍલડીઆરપી ઈન્સ્ટીટ્યુટના નવા ઑડિટોરિયમ ખાતે આ પરિસંવાદ યોજવામાં આવશે.

## પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ પ્રકૃતિ શિબિરમાં

ગાંધીનગર, તા. ૧૮

સૅક્ટર-૩૦ ખાતે સ્થિત વન્ય જીવ તાલીમ ભવન ખાતે તાજેતરમાં ત્રણ દિવસીય પ્રકૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં પ્રેરણા વિદ્યાલયના ૪૦ વિદ્યાર્થીઓ તથા બે શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમને પશુ, પક્ષીઓ તથા પ્રકૃતિ સાથેનો પરિચય કરાવવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીએ વૃક્ષો તથા વન્ય પ્રામીઓનું જતન કરવા અંગે સંકલ્પ લીધો હતો. શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ પ્રકૃતિના સાંનિધ્યમાં ભોજનની મજા માણી હતી. વિદ્યાર્થીઓને ત્રણ દિવસમાં નીત નવી માહિતી આપી પ્રકૃતિપ્રેમી બનાવવામાં આવ્યાં હતાં.

### પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓએ

## ઈન્ટર કૉલેજ ઍથ્લેટીક્સ સ્પર્ધામાં ૧૩ મૅડલ મેળવ્યા

### યુનિ. સાઉથ ઝોન સ્પર્ધામાં સિદ્ધિ મેળવી

ગાંધીનગર, તા. ૧૮

તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કૉલેજ ઍથ્લેટીક્સ સ્પર્ધા નડિઆદના આઈ વી કૉલેજ ઑફ કૉમર્સ ખાતે યોજાઈ હતી, જેમાં પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓએ જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરી મૅડલ્સ પ્રાપ્ત કર્યા હતા.

આ સ્પર્ધામાં સીતા ચારેલે દોડ અને રીલે દોડમાં પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ, હેતલ સંગાડાએ ચક્રફેંક અને ગોળાફેંકમાં પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ, રમીલા શાહે લાંબી કૂદ અને રીલે દોડમાં પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ, કાજલ બાવળીયાએ દોડ અને રીલે દોડમાં ગોલ્ડ મેડલ, પુષ્પા ચૌધરીએ રીલે દોડમાં ગોલ્ડ મેડલ તથા શારદા મીઠાપરાએ દોડમાં બ્રૉન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

આમ, કૉલેજની ટીમે કુલ ૧૩ મૅડલ્સ મેળવી કૉલેજના ગૌરવમાં વધારો કર્યો હતો, જેમને અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ, ટ્રસ્ટીગણ, કૉલેજનાં આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરી તેમજ સમગ્ર કૉલેજ પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે રાંધેજામાં યુવા જાગૃતિ માટે રેલી



ગાંધીનગર, તા. ૧૮

રોજ રાષ્ટ્રીય સેવા યોજના, ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે આજે યુવા જાગૃતિ માટે રેલી, વકતૃત્વ, નિબંધ, સૂત્ર લેખન તથા વિવિધ પરંપરાગત રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા ગામમાં સ્વચ્છ અને સુંદર ગામ, યુવાનોની પહેચાન, ગામના યુવાનો આગળ આવો, બેટી બચાઓ, બેટી વધાવો, પાણી બચાવો, વિજળી બચાવો, વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો તથા ગામના યુવાનો તેજસ્વી બનો, ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો જેવા ઉર્જાત્મક સૂત્રોચ્ચાર કરી રેલી કાઢી ગામના યુવાનોને સ્વામી વિવેકાનંદનો જીવનલક્ષી સંદેશ આપ્યો. ત્યારબાદ વિભાગમાં સ્વામી વિવેકાનંદ અને યુવા વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી. ઉદબોધન આપતા વિભાગાધ્યક્ષ ડૉ. રાજીવ પટેલે કહ્યું કે સ્વામી વિવેકાનંદજીના જીવન પ્રસંગોથી શીખ લઈ વિદ્યાર્થીઓએ પોતાના જીવનનું ઘડતર કરવું જોઈએ.

સ્વામીજીએ પણ ગાંધીજીની જેમ શિક્ષણમાં ૩ એચને(હેન્ડ, હાર્ટ અને હેડ) પ્રધાન્ય આપ્યુ હતુ જેમાં શિક્ષા યુવાનોને સ્વ-નિર્ભર બનાવે, સારા-નરસાનો વિવેક આપે અને માનવ પ્રત્યે સંવેદનશીલતા જાગૃત કરે. રા.સે.યોજના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે યુવાનો રાષ્ટ્રની તાકાત છે જો તેઓ જાગૃત થશે તો જ ભારતનાં ગામડાઓનું વિકાસ થશે. સ્વામી વિવેકાનંદના અને ગ્રામવિકાસ વિષય પર આયોજિત સૂત્ર લેખન સ્પર્ધા તથા યુવાઓનાં વિકાસમાં સ્વામી વિવેકાનંદના વિચારોની પ્રાસંગિકતા વિષય પર આયોજિત નિબંધ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો અને ડૉ. મયૂરી ફાર્મર તથા અમીશા શાહે નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપી હતી. ત્યાર બાદ વિવિધ પરંપરાગત રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં સંગીત ખુરશી ભાઈઓમાં ઉર્વેશ પાદરિયા તથા બહેનોમાં પારૂલ રાઠવા, ત્રી-પગીય દોડ ભાઈઓમાં વિશાલ-અરવિંદ તથા બહેનોમાં પારૂલ-પાયલ, લિંબુ-ચમચી ભાઈઓમાં સંજય તથા બહેનોમાં જીનિશા, લોટ-ફૂંકણી ભાઈઓમાં હીરાભાઈ તથા બહેનોમાં હંસાબેન, સોય-દોરામાં પાયલબેન અને દોરડા કૂદમાં જ્યોત્સનાબેન વિજયી રહ્યા. મૈદાની રમતોમાં ૧૦૦મી. દોડ ભાઈઓમાં દિવ્યેશ વસાવા તથા બહેનોમાં રીન્કૂબેન, ૨૦૦મી.દોડ ભાઈઓમાં દિગ્વીજય તથા બહેનોમાં પાયલબેન, ૪૦૦મી. દોડમાં બળવંત, ગોળાફેંક, બરછી ફેંક તથા ચક્ર ફેંક ભાઈઓમાં નિખીલ ચૌધરી તથા ચક્ર ફેંક બહેનોમાં પારૂલ અને ગોળાફેંક બહેનોમાં રીન્કૂબેન, બેડમિંડન બહેનોમાં જીનિશાબેન તથા ભાઈઓમાં હીરાભાઈ વિજયી રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જીતેશ, નિલેશ,નિખીલ અને રીન્કૂબેને કર્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વઝીર
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રોમાન્ટ કોમ્પ્લીકેટેડ (ગુજ.)
૬.૩૦

**સ્ક્રીન-૩**
ચૉક ઍન્ડ ડસ્ટર
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ
૨.૦૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦, ૯.૪૫
છેલ્લો દિવસ
૭.૦૦

**સ્ક્રીન-૫**
વઝીર
૭.૦૦
રોમાન્સ કોમ્પ્લીકેટેડ
૧૦.૦૦, ૧.૦૦
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૬**
વઝીર
૧૨.૩૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦
દિલવાલે
૧૦.૦૦

# સંગીત, નર્તન અને સ્થાપત્યના ત્રિવેણી સંગમ સમા ઉત્તરાર્ધ મહોત્સવનું સમાપન







મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે બે દિવસ માટે ઉજવાતા ઉત્તરાર્ધ મહોત્સવના સમાપનમાં રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવના સમાપન પ્રસંગે ઉપસ્થિત મંત્રીએ જણાવ્યું હતું કે સુર્યની પુજા સાથે સંકળાયેલ ઉત્તરાર્ધ મહોત્સવ આજે દેશ વિદેશમા ખ્યાતિ પામ્યો છે. ઉત્તરાર્ધ મહોત્સવ એ સુર્યની પુજા સાથે સંકળાયેલ ઉત્સવ છે.દેશમાં કાશ્મીરનું માર્કંડ મંદિર, કોર્ણાકનું સુર્યમંદિર અને મોઢેરાનું સુર્યમંદિર પ્રચલિત છે. રાજ્યની સંસ્કૃતિ અને સંસ્કારોનું આદાન-પ્રદાન અને સંગીત નૃત્ય જેવી કલાઓના ખજાનાઓથી ભરપૂર આ ઉત્સવ ઉજવામાં આવે છે. ઉત્તરાર્ધ મહોત્સવના સમાપના દિવસે રમા શીકાન્ત (વડોદર), સ્મૃતિ વાઘેલા(વડોદરા) દ્વારા ભરત નાટ્યમ તેમજ મીનુ ઠાકુર (દિલ્હી) દ્વારા કુચીપુડી અને બરખા પટેલ(ન્યુયોર્ક એમરેકી) દ્વારા કથ્થક નૃત્ય રજુ થયું હતું. મોઢેરા ઉત્તરાર્ધ મહોત્સવમાં રમત ગમત અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના સચિવ મનિષ ભારદ્વાજ,જિલ્લા કલેકટર લોચન સેહરા,રમત ગમત પ્રવૃતિઓના કમિશનર જે.ટી.અખાણી,વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટના ડાયરેક્ટર ફુરકાન ખાન,પ્રાન્ત અધિકારી એચ.એસ.પટેલ, જિલ્લાના અધિકારીઓ,પદાધિકારીઓ,સંગીત પ્રમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાપા કહેતે હૈં બડા નામ કરેગા, બેટા હમારા ઐસા કામ કરેગા...

## કોયલ સી તેરી બોલી... ગુજરાત ટુરીઝમ દ્વારા આયોજિત કાઈટ ફેસ્ટીવલમાં બેટા, ગદર, મોહરા, રાજા હિન્દુસ્તાની, દિલ તો પાગલ હૈ, વિરઝારા જેવી ફિલ્મોમાં પૉપ્યુલર ગીતો દ્વારા પ્લેબૅક સિંગર ઉદીત નારાયણના ધમાલ પરફોર્મન્સીસથી અમદાવાદીઓ ઘેલાં બન્યાં






કયામત સે કયામત તક, ૧૯૮૮માં આવેલી આ ફિલ્મ આમિર ખાન અને જુહી ચાવલાની કરિઅર સાથે ઉદિત નારાયણને પણ એવી જબરદસ્ત ફળી કે એમને ફિલ્મફૅર ઍવૉર્ડ અપાવી ગઈ. આ ગીતને કારણે એટલા પૉપ્યુલર બન્યા કે પછી દરેક સંગીત કંપોઝર એમની પાસે ગીત ગવડાવવા રાજી થઈ ગયા.

કયામત સે કયામત તક, લાલ દુપટ્ટા મલમલકા, દિલ, આશિકી, હમ, ફૂલ ઔર કાંટે, બેટા, વિશ્વાત્મા, અનાડી, જો જીતા વહી સિકંદર, ડર, મોહરા, દિલવાલે દુલ્હનીયા લે જાયેંગે, ઈશ્ક, દિલ તો પાગલ હૈ, હિરો નં. ૧, દિલ સે, મન, હમ દિલ દે ચુકે સનમ, તાલ, હમ સાથ સાથ હૈ, ધડકન, મિશન કશ્મિર, કહો ના પ્યાર હૈ, મોહબ્બતેં, ગદર, લગાન, દેવદાસ, રાઝ, વિરઝારા, એતરાઝ, સ્વદેશ, પાર્ટનર, ઓમ શાંતિ ઓમ... છેલ્લાં વીસ વર્ષના કોઈપણ હીટ પિક્ચરનું નામ લો એમાં ઉદિત નારાયણનું ગીત અવશ્ય જોવા મળે જ...

અમિતાભથી લઈને આમિર ખાન અને સલમાન ખાનથી લઈ શાહરૂખ ખાન, અજય દેવગણ, અક્ષય કુમાર કે પછી ઋત્વિક રોશન દરેક કલાકાર માટે ઉદિતે એમનો અવાજ આપેલો છે...

વિવિધ પ્રાંતની ૩૫થી વધુ ભાષામાં એમણે અત્યાર સુધી ૧૯ હજારથી વધુ ગીતો ગાયાં છે... રેડિયો નેપાળમાં મૈથિલી અને નેપાળી લોકગીતો ગાઈને પોતાની કરિઅરની શરૂઆત કરનારા ઉદિત નારાયણ જ્હાને હિન્દી ફિલ્મમાં ઉન્નીસ-બીસમાં તક મળી હતી. પણ એમને સફળતાનો સ્વાદ ચખાડ્યો નાસીર હુસૈનની ફિલ્મ કયામત સે કયામત તકે...

અમદાવાદમાં યોજાયેલા ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલની સાંજને સજાવવા રિવર ફ્રન્ટના કિનારે ઉદિત નારાયણને માણવા હજારો ચાહકો હાજર હતાં... તુષાર ઝુલે નામના યંગ ડાયનામિક કલાકારે મુસ્કુરાને કી વજહ તુમ હો અને સુનો ના સંગેમરમર...ગીત સાથે માઈક, સ્ટેજ અને ઑડિયન્સ બધાંને જ ચૅક કરી લીધાં...

પાપા કહેતે હૈં બડા નામ કરેગા... સાથે ઉદિત નારાયણે ઍન્ટ્રી લીધી અને ઑડિયન્સ ચાર્જ થઈ ગયું. તેરે નામના ટાઈટલ સૉંગ સાથે જ માહોલ જમાવ્યો અને ડર ફિલ્મના શિવ-હરિના સંગીતના અતિ પ્રસિદ્ધ ગીત જાદુ તેરી નઝર... સાથે તો જાણે આખો માહોલ ઉદિત નારાયણમય બની ગયો... પદ્મશ્રી જેવા ઍવોર્ડથી સન્માનિત ઉદિત નારાયણના જાદુઈ અવાજને ત્રણ વખત નૅશનલ ઍવોર્ડ મળ્યો છે. લગાન ફિલ્મના સુન મિતવા, તુજકો ક્યા ડર હૈ રે... જિંદગી ખુબસૂરત હૈના છોટે છોટે સપને... અને સ્વદેશ ફિલ્મના યહ તારા, વહ તારા... ગીતો ઍવોર્ડ વિનર સાબિત થયાં હતાં.

શ્રેષ્ઠ પાર્શ્વગાયન માટે પાંચ વખત ફિલ્મફૅર ઍવૉર્ડ પણ મળ્યો છે. પાપા કહેતે હૈં બડા નામ કરેગા..., ડીડીઍલજેના મહેંદી લગા કે રખના..., રાજા હિન્દુસ્તાનીના પરદેશી પરદેશી જાના નહીં... હમ દિલ દે ચુકે સનમના ચાંદ છુપા બાદલ મેં... અને લગાનના ગીત સુન મિતવા... એમને ફિલ્મફૅર ઍવોર્ડ અપાવી ગયા છે.

પહેલા નશા, પહેલા ખુમાર, ફૂલોં સા ચહેરા તેરા, જાદુ તેરી નઝર, તુ ચીઝ બડી હૈ મસ્ત મસ્ત, દિલ તો પાગલ હૈ, ઉડજા કાલે કાવાં, દિલને યે કહા હૈ દિલ સે, ઘર સે નીકલતે હી... જેવાં પ્રસિદ્ધ ગીતો છેક ઍવોર્ડની ફાઈનલ રેસ સુધી બીજાં ગીતો અને ગાયકોને હંફાવી ચૂક્યાં છે. ડૉનની રિમેક એવી નવી ડૉન ફિલ્મમાં ગાયેલું ગીત ખાઈકે પાન બનારસ વાલા.. એની રિધમ અને ઑરકેસ્ટ્રા સંચાલક પ્રવિણને કારણે ધમાલ મચાવી ગયું... ઉદિત નારાયણે લક્ષ્મી-પ્યારે, આનંદ-મિલીંદ, નદીમ-શ્રવણ, અનુ મલિક, જતિન-લલિત, હિમેશ રેશમિયા, એ આર રહેમાન, વિજુ શાહ, આર ડી બર્મન જેવા દિગ્ગજ સંગીતકારો સાથે કામ કર્યું છે.

શ્રોતાઓને દરેક ગીતનો લાભ મળે એટલે એમણે પછી તો મૅડલી ગાઈ... ન જાને મેરે દિલ કો ક્યા હો ગયા... એ મેરે હમસફર... રાજા કો રાની સે પ્યાર હો ગયા... કિસી ડિસ્કો મેં જાયેં... મૈં નીકલા ગડ્ડી લે કે... ધમાલ ધમાલ કરાવી દીધી...

જાનમ દેખ લો મિટ ગઈ દુરીયાં... જાવેદ અખ્તરનું લખેલું અને મદન મોહનનું સંગીતે મઢેલું ગીત ઉદિતે પબ્લિક ડિમાન્ડ પર ગાઈને શ્રોતાઓને ખુશ કરી દીધા... પાર્ટનર ફિલ્મનું ગીત ડુ યુ વૉના પાર્ટનર... જોરદાર રહ્યું. આ જ ફિલ્મનું અન્ય એક ગીત સોણી દે નખરે સોણે લગદે... પણ એક સમયે અત્યંત ફેમસ થયું હતું.

સ્ટુડન્ટ ઑફ ધ યર ફિલ્મના ગીત સાથે ઉદિત નારાયણની લાઈફ પાર્ટનર દીપા નારાયણ આવી. એણે ઓ રાધા તેરી ચુનરી... અને પછી બંને જણાએ ગુજરાતી ગીત રૂપ મસ્તાનું, દિલ દિવાનું, શાને તું ઈનકાર કરે... ગાઈને ગુજરાતીઓને ઘેલા કર્યા.

કાર્યક્રમના છેલ્લા ભાગમાં ફરી મૅડલી શરૂ કરી જેમાં કહોના પ્યાર હૈ, સ્વદેશ, હમતુમ, ટશન, ગદર જેવી ફિલ્મોનાં ગીતોની ઝડી વરસાવી દીધી અને છેલ્લે ઓમ શાંતિ ઓમ ફિલ્મનું ગીત ઓમ શાંતિ ઓમ... ગાઈને કાર્યક્રમની ધમાકેદાર પૂર્ણાહુતિ કરી...ગુજરાત ટુરીઝમના ઍમડી નિત્યાનંદ શ્રીવાસ્તવની કલા પારખુ નજરે અમદાવાદ-ગાંધીનગરની જનતા માટે ત્રણ દિવસમાં યાદગાર કાર્યક્રમ આપ્યા. સુરેશ વાડકર, સરોદ વાદક અમઝદ અલી ખાં અને છેલ્લે ઉદિત નારાણય... સરકાર પણ શ્રેષ્ઠ કાર્યક્રમ કરી જ શકે એવો સુંદર દાખલો બેસાડ્યો... ઉદિતના કાર્યક્રમમાં ઓવર ઍક્સાઈટેડ ઍન્કર સૌંદર્યાએ જો ઓછી લવરી કરી હોત તો કદાચ બે ગીતો વધુ સાંભળવા મળ્યા હોત, ઈવન ઉદિત નારાયણે પણ શરૂઆતમાં વાતોમાં ઘણો સમય બરબાદ કર્યો. દસના ટકોરે કાર્યક્રમ બંધ કરવાની ખબર હોય ત્યારે ઍન્કર-કલાકારની ફરજ બની જાય છે કે પ્રેક્ષકોને પૂરતું મનોરંજન પીરસે...ઓવરઑલ ઉદિતે શ્રોતાઓની નાડ પારખી ફૅવરીટ ગીતો આપ્યાં, છતાં લાંબી સફળ ગીતોની યાદીમાંથી મનમાં જ રહી ગયેલાં ઘણાં ગીતો ન સાંભળવાનો વસવસો પણ રહ્યો જ, શ્રેષ્ઠ પાર્શ્વગાયક ઉદિત માટે એના ગીતના શબ્દોમાં કહીએ તો - કોયલ સી તેરી બોલી...